




# ભાગ – ૨

# દૂધનું દૂધ અને પાણીનું પાણી

## વાંચો વિચારો અને સમજો કે

## ધોળું તેટલું દૂધ નથી હોતું

ન્યોછાવર : નિઃશુલ્ક વિતરણાર્થે

# ભગવદ્ આજ્ઞા

## ॥ श्लोक -१ ॥

“एकं शास्त्रं देवकी पुत्र गीतं, एको देवो देवकी पुत्र एव ॥
मंत्रोप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥१॥”

(અર્થ માટે જુઓ પાનું -૨૩)

## ॥ श्लोक -२ ॥

“यः पुमान पितरं द्वेष्टि तं विद्यादन्यरेतसम् ॥
यःपुमान भगद्वेषी तं विद्यादन्यरेतसम् ॥२॥”

(અર્થ માટે જુઓ પાનું -૨૪)

શ્રીના અસીમ કૃપા પાત્ર,

ભાઈશ્રી/ બહેનશ્રી, ........................................

# નૂતનવર્ષાભિનંદન

નવું વર્ષ આપ સૌને શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં .
પુષ્ટિ અસ્મિતા વધારનારૂં બને તેવી શુભકામના.
શેષ ભગવદ્ ઈચ્છા સાથે સદૈન્ય ભગવદ્ સ્મરણ

મોકલનાર : ..............................

A સંપ્રદાયના સત્સંગ માટે
અમારા ખર્ચે અમે અનુકુળતા
મુજબ આવીશું–સંપર્ક કરવા.

# પંચગવ્યામૃત


(૧) ધોળું એટલું દૂધ નથી હોતું......... (૧)
(૨) વક્તા-શ્રોતાનું રહસ્ય............. (૩)
(૩) જીવનું કર્તવ્ય શું ?................ (૯)
(૪) સંદેહ અને તેનું નિરાકરણ ......... (૧૩)
(૫) સંપ્રદાયનાં ઈતિહાસની આંખે ..... (૨૧)


આ પંચગવ્યામૃતનું આચમન પુષ્ટિ સિદ્ધાંત સમજવામાં-આચરવામાં માર્ગદર્શક બને અને સંપ્રદાયમાં પુષ્ટિ અસ્મિતા વધારનારૂં બને તેવી નવા વર્ષની અમારી શુભ કામના. - શેષ ભગવદ્દઈચ્છા

આપની ઈચ્છા અન્ય વૈષ્ણવોને નુતનવર્ષાભિનંદન પાઠવવાની હોય તો અમારો સંપર્ક કરશો. (રૂા. ૩/- પ્રતિ પ્રત પડશે.)



## (૧) ધોળું એટલું દૂધ નથી હોતું

આપણને સૌને સામાન્ય જાણકારી છે જ કે, **દૂધ એ ઉત્તમ ખોરાક છે, જેમાં પાણીની ભેળસેળ થવાથી દૂધની ઉત્તમતામાં ક્રમશઃ ઘટાડો થઈ જાય છે.** જેમ દરેક દૂધ વાપરનાર કે લેનાર, દૂધની ચકાસણી વિવેક વાપરીને કરતો જ હોય છે, તેમ દરેક સત્સંગ સાંભળનારે (શ્રોતાએ) સત્સંગ કરાવનાર (વક્તા)ને ચકાસવા જોઈએ, **એવો આગ્રહ શ્રીમહાપ્રભુજી સંપ્રદાયમાં રાખે છે.**

પરંતુ આજનાં યુગમાં **'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે'** તે ઉક્તિથી, **સ્વાસ્થ્યને હાનિકારક એવું યુરીયાનું (કેમીકલવાળું) દૂધ વ્યવહારમાં આવી ગયું છે.** જેનો ઉપયોગ કરવાથી આપણા સ્વાસ્થ્યને નુકસાન પહોંચે છે, ઉદાહરણ રૂપે કીડની ફેઈલ થઈ જવી, બ્લડ પ્રેશર વધી જવું, ચામડીના રોગો, કેન્સર વિગેરેને આમંત્રણ આપી આપણો જ સર્વનાશ આપણે નોતરીએ છીએ.

જેમ આવા **ધોળા પ્રવાહીને** (ચુરિયાવાળાને) દૂધ માનીને ગ્રહણ કરવાથી સ્વાસ્થ્યને હાનિ થાય છે તેમ, **આવા ભેળસેળવાળા સ્વાર્થ-દંભ-પાખંડ વગેરે યુક્ત સેવા, ધંધાકીય ભાગવત કથા - પ્રવચનો વગેરે ને સત્સંગ સમજી લેવાથી,** બહિર્મુખ થઇ જઇએ છીએ અને શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયને જોખમમાં મૂકી દઈએ છીએ.

જેમ ધોળું દેખાતું બધું દૂધ નથી હોતું તેમ **જાહેરમાં થતાં દાંભિક સેવા-મનોરથો-ભાગવતકથા વગેરે અન્યાશ્રય પ્રેરક હોવાથી સંપ્રદાય અંતર્ગત પુષ્ટિભક્તિને પ્રકટ નથી કરતા,** અને તે જોનાર, સાંભળનાર કે આચરનાર દરેક જણ બહિર્મુખ થઇ જાય છે.

**આ વિશેની સાચી સમજણ આવે છે,** શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોના અધ્યયનથી, અને શ્રીગોપીનાથજી - શ્રીગુસાંઈજી - શ્રીગોકુળનાથજી - શ્રીહરિરાયજી - શ્રીપુરુષોત્તમજી (લેખવાળા-સુરત) વગેરેના ગ્રંથોથી - તેમનાં મંતવ્યો (ટીકાઓ) થી અને **તેમણે આપેલ માર્ગદર્શન પ્રમાણે જીવન જીવવાથી.**



## (૨) વકતા-શ્રોતાનું રહસ્ય

**પ્રસંગ -૧ :** એકવાર એક ગોરા અંગ્રેજે સ્વામી વિવેકાનંદજીને કહ્યું કે, 'મને આખી ગીતા મુખપાઠ છે ! અને પોતાનું ગીતાજી ઉપરનું પ્રભુત્વ બતાવવા કડકડાટ ગીતા બોલવા લાગ્યા ત્યારે વિવેકાનંદજીએ તેને અટકાવતા કહ્યું, **'આ અમારી ગીતા છે જ નહીં.'** અંગ્રેજ આ સાંભળીને અકળાઇ ગયો તે બોલ્યો, 'અરે ! તમે આ શું કહો છો ? હું એક પણ ભૂલ વગર ભગવદ્ગીતાનાં શ્લોક બોલી ગયો તોય તમે ના પાડો છો ?' **તે ગોરા સાહેબથી સહેજ પણ અંજાયા વગર** સ્વામી વિવેકાનંદજીએ કહ્યું કે, **'જે મુખમાં દારૂ-માંસ મૂકાતા હોય તે મોં માંથી નીકળેલા શબ્દો કદી ભગવદ્ગીતા ન કહેવાય** - અમે તો શુદ્ધ આચરણ વાળાના મુખેથી બોલાય તેને જ ભગવદ્ગીતા કહીયે છીયે.'

**પ્રસંગ -૨ :** આવો જ પ્રસંગ બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયનાં જીવનમાં બની ગયો. તેઓ કલકત્તાની હાઇકોર્ટમાં જજ હતા. અંગ્રેજ

વકીલો અને મોટા સાહેબો સાથે ઉઠબેસ હતી. એકવાર એક ગોરા અંગ્રેજે તેમને કહ્યું કે તમારો ગાયત્રીમંત્ર સંભળાવો. તેમણે પ્રત્યુત્તરમાં કહ્યું કે, **" આ મંત્ર યોગ્ય વ્યક્તિ આગળ જ, યોગ્ય વાતાવરણની શુદ્ધતામાં બોલી શકાય અન્યથા નહીં."** આવા જવાબથી તે અંગ્રેજ ને ખૂબ માઠું લાગી ગયું.

ચટ્ટોપાધ્યાયજીને થોડા વરસ પછી તેમનો ફરી ભેટો થયો. તે અંગ્રેજ સામેથી મળવા આવ્યા અને ગાયત્રીમંત્ર બોલીને કહ્યું કે, **'આજ તમારો ગાયત્રીમંત્ર છે ને ?'** બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ તરત જ કહી દીધું **"આ ગાયત્રીમંત્ર છે જ નહીં તમને કોઇએ મૂર્ખ બનાવ્યા છે."** તેમનાં શબ્દોમાં એવો જ ભાવ હતો કે, કયા મોઢાથી (કોણ) ?, કયા સંજોગોમાં ? ક્યારે બોલે છે ? તેના પર મંત્રનો આધાર છે.

**આ વાત એટલા માટે યાદ આવી ગઈ કેમકે,** સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજી આપણને 'જલભેદ' ગ્રંથમાં સમજાવે છે, કે જ્યારે કોઇ પણ વ્યક્તિ (ગમે તેટલી ભણેલી હોય - શાસ્ત્રી હોય - મોટી અપરસ



પાળી, મરજાદપાળી સેવા કરતી હોય કે કરાવતી હોય) સંપ્રદાયની વાતો કે સત્સંગ કરતી હોય ત્યારે તેને સાંભળનાર **શ્રોતાએ** તે કહેનારને **(વક્તાને)** ચકાસવો જોઇએ પછી તેનો સંગ કરાય.

આવા વક્તાને ચકાસવો કેવી રીતે તે સમજાવવા 'જલભેદ' ગ્રંથ અને તેના ઉપરની ટીકાઓ છે. (જુઓ પાનું-૨૬/૨) જલભેદ ગ્રંથમાં જણાવે છે કે **સંપ્રદાયમાં વક્તા** પોતે કયા ભાવને પ્રાધાન્ય આપે છે તે જોવું જરૂરી છે. શું તે વક્તા, તેણે જ કહેલા શબ્દોને (સત્સંગને) પોતાના જીવનમાં ઉતારે છે ? તેનું આચરણ શ્રીમહાપ્રભુજી-શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજીનાં વચનો પ્રમાણે છે કે વિરૂદ્ધનું છે? (માટે સત્સંગ સાંભળનારે વક્તાને ચકાસવું જરૂરી છે) કેમકે,

**(૧)** જેમ જીવન જીવવા પાણીની જરૂરત છે તેમ ભક્તિ નાં પોષણ માટે, સંપ્રદાયમાં સત્સંગની જરૂર છે. **(૨)** જેમ પાણી શુદ્ધ હોવું જરૂરી છે તેમ સત્સંગ શુદ્ધ હોવો જરૂરી છે. **(૩)** જેમ પાણી જ્યાં પડ્યું છે અથવા જ્યાંથી વહે છે અથવા જ્યાંથી આવે છે, ત્યાંનાં ગુણદોષને તે

પાણી ધારણ કરે છે. માટે પાણી પીવાલાયક છે કે નહીં તે લેતા પહેલા જોવું જોઇએ, (ઉદાહરણ રૂપે, કૂવાનું પાણી ચોખ્ખું હોય પણ ખેતરમાં કે ક્યારામાં વહે છે ત્યારે તે માટીનાં - ખાતરનાં ગુણ-દોષ વાળું બને છે.) **તેવું જ સત્સંગ કરાવનાર વક્તાનું છે** એમ શ્રીમહાપ્રભુજી જણાવે છે. **(૪)** ભરેલું પાણી તે પાત્રના ગુણ-દોષોને ધારણ કરે છે. (ઉદાહરણ રૂપે તાંબાના ઘડામાં રહેલા પાણીમાં તામ્રતત્વ આવી જાય છે- માટીનાં પાત્રમાં માટીની સુગંધ, ઠંડક વગેરે આવી જાયછે.) <u>તેવી રીતે સત્સંગ ક્યા પાત્રમાં (કહેનારમાં) ભરેલો છે</u> અર્થાત્ તે સંપ્રદાયમાં દિક્ષીત છે કે નહીં ? તે શ્રીમહાપ્રભુજીનાં કહ્યા પ્રમાણે જીવન જીવે છે કે નહીં ? તેની ખાતરી કર્યા પછી સત્સંગ કરવો યોગ્ય ગણાય.

**વિચારણીય ઉદાહરણ :**

આજે દરેક શહેરોમાં કે ગામોમાં મકાનો થઇ ગયા છે જેમાં જુદા જુદા રૂમોની વ્યવસ્થા હોય છે. દરેક રૂમમાં પાણીનો પૂરવઠો અગાશીમાં મૂકેલી ટાંકીમાંથી **રસોડામાં, બાથરૂમમાં, બેઝીનમાં-સંડાસમાં**



**વગેરે જગ્યાએ** આવતો હોય છે.

માટલામાં પીવાનું પાણી મોટે ભાગે રસોડાના નળમાંથી, ભરવાનો આગ્રહ રખાય છે. જેમની પાસે સગવડ હોય, તે પાણીને શુદ્ધ કરવાના સાધનો (એકવાગાર્ડ જેવા) વાપરી શુદ્ધ કરીને માટલામાં ભરતા હોય છે. આજ પાણી રસોઇમાં કે પીવામાં વપરાતું હોય છે.

<u>**હવે વિચારીયે, સંડાસમાં પણ એ જ પાણી એજ ટાંકીમાંથી આવતું હોવાથી શું**</u> **(૧)** સંડાસમાં જઇને પાણી પીવાય ખરૂ ? **(૨)** સંડાસમાં - પાણીને શુદ્ધ કરવાનું સાધન (એકવાગાર્ડ) મૂકીને પીવાય ખરૂ ? **(૩)** સંડાસમાં જે ટંબલર (વાસણ) વપરાતું હોય તેનો ઉપયોગ માટલાનું પાણી પીવા થાય ખરો ? <u>જેમ આવું પાણી અશુદ્ધ હોવાથી ન પીવાય તેમ **સત્સંગ અને વક્તા માટે** વિચારવું.</u> (ભલે તે વક્તા સંપ્રદાયની કે શ્રીમહાપ્રભુજીની વાતો કરતા હોય. પાના ૩ નાં પ્રસંગ-૧ અને પ્રસંગ-૨ ને યાદ કરો.)

૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૧૯, દિનકરદાસ મુકુંદદાસનાં પ્રસંગ- ૧ ના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી જણાવે છે કે' **તાતે જાકે મુખસો સુનિયે તાકી જૂઠન કર્ણ દ્વારા હૃદય મેં રસ જાય - અન્યાશ્રયી કો (જેને શ્રીઆચાર્યજીનાં વચનોમાં દ્રઢ આશ્રય નથી તેવાનો) જૂઠો હૃદય મેં ગયે શ્રીઆચાર્યજીકો આશ્રય દ્રઢ ન હોઇ'.આપણે હવે અન્યાશ્રયી કોને સમજવો તે જોઇએ. :-**

(૧) જે શ્રીમહાપ્રભુજીનાં, શ્રીગોપીનાથજીનાં, શ્રી ગુસાંઇજીનાં વચનો વિરૂદ્ધ અને શાસ્ત્ર આજ્ઞા વિરૂદ્ધ જીવન જીવતો હોય.

(૨) જે શાસ્ત્ર નિષિદ્ધ દ્રવ્ય કે દેવ દ્રવ્ય કે ગુરૂ દ્રવ્ય ખાતો હોય.

(૩) જે શ્રીમહાપ્રભુજીએ સમજાવેલ **ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ** ને આચરણમાં ન મૂકી જ્યાં ત્યાં સેવાનો આગ્રહ રાખતો હોય.

(૪) જે શ્રીભાગવત કથા-શ્રીઠાકોરજી-શ્રીયમુનાજી કે સત્સંગ, **વગેરેનો ઉપયોગ દ્રવ્ય ઉપાર્જનાર્થે કરતો હોય.**

(૫) પોતાના ઠાકોરજીની સેવા પોતાનાં દ્રવ્યથી કે અન્યનાં દ્રવ્યથી



પણ થાય તેવો આગ્રહ રાખતો હોય.

(૬) જે લોકોને બતાવવા જાહેર સેવા-મનોરથ (દંભ) કરતો હોય.

(૭) શ્રીમહાપ્રભુજીની આજ્ઞા વિરૂદ્ધ સેવા-સ્મરણ (સત્સંગ) થતા હોય ત્યાં ઉભો રહેનાર પણ અન્યાશ્રયી બને છે.

આવું અન્યાશ્રય વાળું કૃત્ય થવાથી જીવ બહિર્મુખ થઇ જાય છે.

## (૩) જીવનું કર્તવ્ય શું ?

હવે જોઇએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા **'જીવનું શું કર્તવ્ય છે ?'** આ પ્રશ્ન કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને પૂછ્યો અને તેનો પ્રત્યુત્તર ત્યાં આપેલો છે. (વાંચો ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક-૨ પ્રસંગ ૬) તેનો સાર વિચારીયે તો સમજ પડશે અને પછી વધુ અભ્યાસથી, સાચા આચરણથી આપણે સંપ્રદાયમાં દ્રઢ થઇ શકીશું.

જીવનું કર્તવ્ય શું છે ? તે માટે અનેક સૂચનો શ્રીમહાપ્રભુજીએ પોતાના ગ્રંથોમાં અનેક જગ્યાએ સમજાવી **પુષ્ટિ-ભક્તિ સંપ્રદાયમાં**

**બ્રહ્મસંબંધી વૈષ્ણવોનું કર્તવ્ય શું ? અને અકર્તવ્ય શું ?** તે **સમજાવ્યું છે.** જેનું આચરણ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં જોવા મળે છે. કેટલાક વચનો જોઈશું અને વિચાર કરી સમજીશું તો, આપણે **દૂધ નું દૂધ અને પાણી નું પાણી જુદું કરી શકીશું,** આ વચનો જેવા કે, ...

**(૧) બીજ-દાઢર્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મત :** (ભક્તિવર્ધિની ગ્રંથ) જેમાં ગૃહસેવા જ સ્વધર્મ છે તેવો ઉપદેશ છે. (જાહેરમાં બધાને બતાવવા કરાતી સેવાનો નહીં) માટે દરેક વાર્તામાં શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી પોતાના સેવકને જણાવે છે **'અબ ઘર જાઈ કે સેવા કરો'** (ક્યાંય એવું નથી કહ્યું કે **તમારૂં દૈવી દ્રવ્ય લઈ આવી** અમારા શ્રીઠાકોરજીના મનોરથો કરાવો.)

**(૨) ચેતસ તત્ પ્રવણં સેવા, તત્ સિદ્ધયે તનુ-વિત્તજા** - (સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ) અહિંયા એ જણાવવામાં આવે છે કે, સેવા પોતાના ઠાકોરજીની જ - પોતાનાં ઘરમાં -પોતાના તન-મન-ધન થી કરવાની. (બીજા કોઇ પાસેથી માંગેલા કે બીજાએ આપેલા ધનથી નહીં)



**(૩) કૃષ્ણસેવા સદા કાર્યા ......** (સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ) જેમાં શ્રીકૃષ્ણસેવાની <u>નિત્યકર્તવ્યતાનો ઉપદેશ છે.</u> (ફક્ત ઉત્સવને દિવસે કે મનોરથોમાં જ દોડા-દોડી કરી સેવા કરવાનો નહીં).

**(૪) સર્વદા સર્વભાવેન .......** (ચતુશ્લોકી ગ્રંથ) પુષ્ટિમાર્ગીય જીવો માટે ઐહિક પારલૌકિક સર્વવિધ હિત સિદ્ધ કરવાવાળા **વ્રજાધિપ** જ સર્વાત્મભાવથી સેવનીય છે. જેમાં, પોતાના ઘરમાં પોતાના તન-મન-ધનથી, પોતાના જ શ્રીઠાકોરજીની સેવામાં ચાર પુરુષાર્થો (ધર્મ-અર્થ-કામ-મોક્ષ) કેવી રીતે **પંચમ પુરુષાર્થ રૂપી ભક્તિ** પ્રગટ કરે છે તે સમજાવ્યું છે... વગેરે.

સંપ્રદાયમાં જ્યારે આપણે આ ચારે પુરુષાર્થોને **આપણાં પોતાના સ્વાર્થ માટે, વિષય સુખ માટે, પોતાનાં લાભ માટે, પોતાની પૂજા માટે, કે વાહવાહી માટે** વાપરીયે છીએ, ત્યારે આપણને ફલ સ્વરૂપે **સંસારાસક્તિ** મળે છે, અને તેમાં રહેલી આપણી અહંતા-મમતા આપણને સંસારમાં ઢસડીને લઇ જાય છે. અને **સંસારનાં**

**વિષયાસક્તિનાં કાદવમાં દેડકાની જેમ** રગદોળતા કરી દે છે. ફલ સ્વરૂપે તે જીવ આ સંસારનાં કાદવમાં જ રચ્યો-પચ્યો રહે છે.

પરંતુ જ્યારે, તે જીવ સંપ્રદાયમાં રહી ધર્મ અર્થ કામ મોક્ષને **'ગૃહસેવા'** દ્વારા તેના માથે બિરાજતા જ પ્રભુની સેવા, સ્મરણમાં કોઈપણ જાતનાં લૌકિક લાભ-દંભ-પાખંડ, સ્વાર્થ, દેખાદેખી વગર, પ્રદર્શન કરાવ્યા વગર ભગવદ્ સુખાર્થે કરે છે. ત્યારે સંસારનાં **વિષયાસક્તિના એજ કાદવમાં કમળની જેમ,** ખીલે છે અને સંસારના કાદવનાં ગુણધર્મોથી લેપાતો નથી, અને ફલ સ્વરૂપે તેને **ભગવદાસક્તિ** મળે છે. આ માટે જરૂર છે, **શુદ્ધ આચાર-વિચાર સાથે શ્રીમહાપ્રભુજીએ બતાવેલા સિદ્ધાંતોને સમજી આચરણમાં મૂકવાની તત્પરતાની.**

શ્રીમહાપ્રભુજી જણાવે છે, કે **ગુપ્તો હિ રસઃ રસત્વમાપદ્યતે અગુપ્તો રસઃ રસાભાસઃ સ્યાત્** અર્થાત્ ભક્તિ - સેવા- કથા -કિર્તન - સ્મરણ બધું જ ગુપ્ત રાખી પોતાનાં જ ઘરમાં, પોતાનાં જ પરિવારજનો



સાથે (ગામનાં સાથે નહીં), ભગવદ્સુખાર્થે (મનોરથી સુખાર્થે નહીં) કરવાનું છે, (આવું ગ્રંથોની ટીકાઓનાં સારરૂપે ટીકાકારો સમજાવે છે.)

આ ક્રિયા, જો આપણે આચરણમાં મૂકશું તો અને ભગવદ્ ઇચ્છા હશે તો, આપણામાં **'પુષ્ટિ અસ્મિતા' જાગૃત થશે, દ્રઢ થશે** અને **ભગવદાસક્તિ** તરફ જઇ શકીશું.

જે શક્ય બને છે શુદ્ધ-સાત્વિક સિધ્ધાંત સભર સત્સંગથી અને તે સમજીને આચરણમાં મુકવાથી. સાચો સત્સંગી કેવો હોય ? તે સમજવા માટે જલભેદ ગ્રંથ અને તે ઉપરની ટીકાઓ જોવી.

## (૪) સંદેહ અને તેનું નિરાકરણ

**સંદેહ :-** આજે ૯૦% થી ૯૫% નાં મનમાં એવા પ્રશ્નો થતા હોય છે કે, **જો આપણે આર્થિક સહાય નહીં કરીએ તો** શ્રીમહાપ્રભુજીના-શ્રીગુસાંઇજીનાં બેઠકજી કે મંદિરનો ખર્ચ કેવી રીતે ચાલશે ? સંપ્રદાયનો વ્યવહાર અટકી જશે ? બીજાનાં મંદિરો જુઓ કેવી ભીડ થાય છે ?

**નિરાકરણ** :- **(૧)** સૌ પ્રથમ એ યાદ રાખવું જોઇએ કે, શ્રીમહાપ્રભુજીએ સંપ્રદાયમાં ગૃહસેવાનો જ પ્રકાર સમજાવ્યો છે જેમાં પોતાનાં શ્રીઠાકોરજીની સેવાનો ઉત્તમ પ્રકાર પોતાનાં જ તન-મન-ધનથી પોતાનાં ઘરમાં કરવી તે સમજાવ્યું છે. (જુઓ પાનું -૧૦) **(૨)** સંપ્રદાયમાં શ્રીઠાકોરજીની સેવા માટે દ્રવ્ય માંગવું કે લેવું એનો નિષેધ સ્વયં શ્રીઠાકોરજીએ કર્યો હોવાથી (જુઓ પાનું-૧૯) ન લેવું જોઇએ. (જે આજે લેવામાં આવી રહ્યું છે.) **(૩)** ઈતિહાસની દ્રષ્ટિથી આજે જોવા મળતો જાહેર સેવાનો પ્રકાર ૧૫૦-૨૦૦ વર્ષથી વધુ જુનો હોય તેવું જણાતું નથી. **(૪)** શ્રીઠાકોરજી માટે માંગેલું દ્રવ્ય, દેવ-દ્રવ્ય થતું હોવાથી તેના પ્રસાદનો નિષેધ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. (જુઓ ૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૩૮) હવે ઉપરના પ્રશ્નો માટે ૧ થી ૪ અવતરણો અને ૮૪-૨૫૨ વૈષ્ણવોના થોડા પ્રસંગો જોઈશું તો કાંઇક સંપ્રદાય સાર ☞ પાનું ૧૮ પર છે તે સમજી શકાશે.



**પ્રસંગ - ૧ :** શ્રીગુસાંઇજીનાં સેવક-નારાયણદાસ દીવાન ૨૫૨ વૈ. વાર્તા ક્રમાંક-૫, પ્રસંગ-૯ માં આવે છે કે , નારાયણદાસ દીવાને ચાચા હરિવંશજીને પત્ર લખ્યો તેમાં લખ્યું કે શ્રીગુસાંઇજીને પ્રતિવર્ષ કેટલો ખર્ચ આવે છે તે જણાવશો તે પ્રમાણે પ્રતિવર્ષ તેટલું દ્રવ્ય મોકલી આપીશ. પત્ર વાંચી ચાચા હરિવંશજી પ્રસન્ન થયા અને તે પત્ર શ્રીગુસાંઇજીને આપ્યો. શ્રીગુસાંઇજીએ પત્ર વાંચીને એજ કહ્યું **"આ વૈષ્ણવ ભલો-સારો વૈષ્ણવ હતો પણ અમારા ઘરનો ખર્ચ - ચલાવવાનો વિચાર આવ્યો માટે હવે તે કામથી ગયો"** પછી તેમનાં શરીરમાં રોગ થયો અને પતિ પત્નિએ સાથે દેહ છોડ્યો -(વાર્તા વાંચવી) ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી જણાવે છે કે, **"સેવકે સદા સાવધાની રાખવી- આતો ઈશ્વરનું ઘર છે - કોણ ઈશ્વરનાં ઘરનું ખર્ચ ચલાવવા યોગ્ય છે ? જીવનું શું સામર્થ્ય છે ? ઈશ્વર પોતાનો ખર્ચ પોતે જ ચલાવે છે. માટે વૈષ્ણવોએ વાણીમાં અને વર્તનમાં દીનતા રાખવી "**

**પ્રસંગ - ૨ :** ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ક્રમાંક-૧૦ ભાઈલા કોઠારીની વાર્તા, પ્રસંગ- ૧ માં આવે છે કે, ભાઈલા કોઠારી આતુરતાથી વારંવાર પત્ર લખી શ્રીગુસાંઈજીને રાજનગર પધારવા આમંત્રણ આપતા હતા. આપશ્રી એકવાર શ્રીગોકુલથી દ્વારકા પધારી - રાજનગર પધારતા હતા વચમાં સીકરી ફતેપુર (બીરબલનું રાજ્ય) આવતું હતું. આમ અચાનક શ્રીગુસાંઈજીના પધાર્યાની બીરબલને ખબર પડવાથી સામે આવ્યો અને તેના રાજ્યમાંથી રાજનગર જતા રસ્તામાં બે-ચાર મુકામ વધુ કરાવવા ડેરા તંબુ નંખાવ્યા પરંતુ વધુ ત્યાં રોકાયા નહીં.

બીરબલે ખાનગીમાં ચાંપાભાઈ અધિકારીને પૂછ્યું ''કેમ આવી ઉતાવળમાં શ્રીગુસાંઈજી ગુજરાત પધારે છે?'' પ્રત્યુત્તરમાં ચાંપાભાઈએ જણાવ્યું કે, **''ભંડારમાં કરજ બહુજ થઈ ગયું છે એટલે''** ત્યારે બીરબલે ''કેટલું કરજ થયું છે ? મને કહો તો તે કરજ બધું હું ચૂકવી દઈશ. આપશ્રી આવો પરિશ્રમ ન કરે - તમે ઘરે (ગોકુલ) પાછા પધરાવો'' શ્રીગુસાંઈજીએ બન્નેનાં મનની વાત જાણી લીધી અને



ગૂપચૂપ બીરબલને ખબર કર્યા વગર - રાજનગર તરફ મધ્યરાત્રિ એ પડાવ ઉપાડી ચાલવા માંડ્યું. આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી જણાવે છે કે, **શ્રીગુસાંઈજીનો તો સંકલ્પ હતો કે દ્રવ્ય નિમિત્ત પરદેશ જવું નહીં** - ગુજરાત પધારતા હતા શ્રીદ્વારિકાજીના દર્શન માટે અને દૈવી જીવોને શરણે લેવા માટે. (વાર્તા વાંચવી જરૂરી છે.)

ચાંપાભાઈની બુદ્ધિ લૌકિક વિચારવાળી થઈ **(કેમકે તેમણે અધિકારીપણું સ્વીકાર્યું હતું માટે)** અને બીરબલની બુદ્ધિ લૌકિક થઈ દુઃસંગથી, **કેમકે તેમનો વ્યવહાર મ્લેચ્છો સાથે હતો માટે.** આમ બન્ને બહિર્મુખ થયા છે તેથી કરજ થયાની અને કરજ ચૂકવવાની વાત કરી. (પૈસા-ખરચ જેવી લૌકિક બાબતને મહત્વ આપ્યું). **શ્રીહરિરાયજી જણાવે છે કે, આવી (ખર્ચની) લૌકિક બુદ્ધિ પ્રભુના કાર્યમાં અને ગુરુના કાર્યમાં ન કરવી કેમકે તેવું કરવાથી બહિર્મુખ થવાય છે.** (જુઓ વાર્તાનો ભાવ પ્રકાશ)

**પ્રસંગ -૩ :** આવો જ પ્રસંગ ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૧૭ રૂપચંદનંદા ક્ષત્રીની વાર્તામાં રાઘૌદાસ ગુજરાતી બ્રાહ્મણ દ્રવ્યભેટ ઉઘરાવવા માટે વિચારે છે ત્યારે શ્રીગુસાંઇજી શ્રીમુખથી કહે છે કે, **''પાષંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ''** (વાર્તા વાંચવી).

**સંપ્રદાય સાર :** આમ આપણે જ્યારે **મંદિર** (શ્રીઠાકોરજીનું ઘર) **બેઠકજી** (શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઇજી-શ્રીગોકુલનાથજી - શ્રીહરિરાયજી ... વગેરેનું ઘર છે), **ચલાવવા માટે દ્રવ્ય, ઉછામણી કરીને - મનોરથ કરીને ભેગુ કરીયે અથવા મનમાં વિચારીયે, કે નિભાવ માટે આગ્રહ રાખીયે તો આપણે બહિર્મુખ થઇ જઇશું -અને શ્રીગુસાંઇજી આપણને** (મનોરથ કરનારને) **''પાષંડી'' છીએ તેમ જણાવશે.**

આમ હાલમાં મોટા ભાગનાં વૈષ્ણવોને થતી **મંદિર-બેઠકજીની આર્થિક ચિંતા** (પાના ક્રમાંક-૧૩ મુજબ) લૌકિક બુદ્ધિ વાળી હોવાથી ત્યાજય છે. આવું કરવાથી બહિર્મુખ અને પાષંડી થઇ જઇએ છીયે. **આવું દ્રવ્ય સામગ્રી વગેરે શ્રીઠાકોરજી-શ્રીમહાપ્રભુજી-**



**શ્રીગુસાંઇજી અંગીકાર પણ નથી કરતા.** (જુઓ પાનું-૧૪)

(ભૌતિક દ્રષ્ટિથી આપણને લાગે કે આપણે મનોરથ કરાવ્યો -કે આપણે કાંઇક સેવા કરી - કે આપણે કાંઇક સંપ્રદાયનું હિત વિચાર્યું **પણ સંપ્રદાયની નજરમાં આપણે પાષંડી -બહિર્મુખ જ સાબિત થયા.**) બીજા વૈષ્ણવ પાસે શ્રીઠાકોરજીનાં નિમિત્તે માંગેલું કે સ્વેચ્છાએ બીજા વૈષ્ણવે આપેલું હોય તેવું દ્રવ્ય શ્રીઠાકોરજી અંગીકાર નથી કરતાં (જુઓ ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૨૦૯ કિશોરીબાઇની પ્રસંગ-૨) શ્રીઠાકોરજી કિશોરીબાઇને કહે છે **તેં મારા માટે સામગ્રી કેમ લીધી ? હું તે કેમ અરોગું ?** ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી : ''આમાં એ સમજાવ્યું કે, બીજાની સત્તા સામગ્રી, કાંઈ પણ આપણાં ઠાકોરજીને ધરવું નહીં. (કાંઇ પણ એટલે કે, બગીચાનાં ફૂલ, વસ્ત્ર - અનાજ - સૂકોમેવો - લીલો મેવો- પૈસા ) અન્ય વૈષ્ણવ પાસે લઇને કે માંગીને શ્રીઠાકોરજીમાં વિનિયોગ ન કરાવવો. (શ્રીઠાકોરજીને પસંદ નથી માટે) તેને અંગીકાર કરતા નથી.''

શું જે વાત શ્રીઠાકોરજીને નાપસંદ હોય તેને, શ્રીમહાપ્રભુજી -

શ્રીગોપીનાથજી - શ્રીગુસાંઈજી અને સાતે બાળકો પસંદ કરે ખરા ?
શું તેવી ક્રિયાઓને તેઓ પ્રોત્સાહન આપે ખરા?

માટે સમજી લેવું જોઈએ કે, **બધું ધોળું દેખાતું કાંઈ દૂધ નથી હોતું** - આપણે શ્રીઠાકોરજી -શ્રીમહાપ્રભુજી-શ્રીગોપીનાથજી વગેરેની દ્રષ્ટિથી સંપ્રદાય જોવાનો હોય છે. (નિયમ બધે એક જ લાગુ પડતો હોય છે. ગુનો કરનાર - કરાવનાર - મદદ કરનાર - હાજર રહેનાર થયેલા ગુનામાં સરખા ભાગીદાર ગણાય. પાના ક્રમાંક ૧૩ના પ્રશ્નો ફરીથી જોઈએ - વાંચીયે - સમજીએ.)

**પ્રસંગ -૪ :** શ્રીહરિરાયજી, રૂપચંદનંદા (૨૫૨વૈ.વા. ક્રમાંક૧૭) ની વાર્તા પ્રસંગ-૧ નાં ભાવપ્રકાશમાં ખાસ જણાવે છે કે, અહંકાર ધર્મનો નાશ કરે છે - માટે અહંકારથી હંમેશા ડરતા રહેવું. [**ધર્મ** (લૌકિકધર્મ - દેહધર્મ-આત્મધર્મ) **અહંકાર** (રાજમદ-ધનમદ-જ્ઞાનમદ)] સિધ્ધાંત મુક્તાવલીની ટીકામાં શ્રીગુસાંઈજી જણાવે છેકે, જો પોતાનું દ્રવ્ય બીજાને સેવા કરવા માટે આપવામાં આવે તો દ્રવ્ય



આપનારમાં અહંકાર ઉત્પન્ન કરે છે, અને તેને સેવા કહેવાતી જ નથી. (ઉપર જણાવ્યું તેમ આ અહંકાર ધર્મનો નાશ કરે છે.)

ભગવાને આપણને જે બુદ્ધિ આપી છે તેનાથી વિચાર કરીને, શાનમાં એટલું સમજી શકાય કે **"ધોળું દેખાતું બધું દૂધ નથી હોતું"**

## (૫) સંપ્રદાયના ઈતિહાસની આંખે

સંપ્રદાયનાં ઈતિહાસમાં પ્રસંગ જોવા મળે છે કે એક વખત શ્રીમહાપ્રભુજી, જગન્નાથપુરી પધાર્યા હતા ત્યારે, ત્યાંના રાજાએ ધર્મ સભાનું આયોજન કરી જુદા જુદા ધર્મનાં-સંપ્રદાયનાં પંડિતોને પોતાને ઉદ્દભવેલા ચાર પ્રશ્નોનાં શાસ્ત્રોક્ત જવાબો, પ્રમાણ સાથે પૂછયા. રાજાનાં મુખ્ય પ્રશ્નો હતા :-

**(૧) મુખ્ય દેવ કોણ ? (૨) મુખ્ય શાસ્ત્ર કયું ?**

**(૩) મુખ્ય મંત્ર કયો ? (૪) મુખ્ય કાર્ય શું કરવું જોઈએ ?**

દરેક સંપ્રદાયનાં વિદ્વાનોએ-પંડિતોએ પોતાના મત મુજબ સમજણ મુજબ ઉત્તરો આપ્યા પણ તે અન્ય સંપ્રદાયનાં પંડિતો અને વિદ્વાનોને અસ્વિકાર્ય હતા. આથી પ્રશ્નોનું સમાધાન થતું ન્હોતું અને નિરાકરણ આવતું ન્હોતું. ત્યારે શ્રીમહાપ્રભુજી, ભગવદ્ ઈચ્છાથી ત્યાં પધાર્યા, આપને પણ આ પ્રશ્નો પૂછયા.

શ્રીમહાપ્રભુજી એ આગળ થયેલ બધી ચર્ચાની વિગત સાંભળી, જુદા જુદા મતના પંડિતોએ જુદી જુદી વાત કર્યાનું સાંભળ્યું, તેથી આપશ્રીએ જણાવ્યું કે, ધર્મની જાણકારી માટે ચર્ચા જે **ભગવાન જગદીશની હાજરીમાં થાય છે માટે તેનો નીવેડો લાવવા અને પ્રશ્નોનાં ઉત્તર આપવા આપણે ભગવાન જગદીશને જ વિનંતી કરીએ, અને ભગવાન જગદીશ જે ચૂકાદો આપે તેને આપણે સૌ માન્ય રાખીયે.** આ વાત સૌને ગમી ગઈ.

હાજર રહેલા બધાની સંમતિ લઈ, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મુજબ રાજાએ પુરોહિત દ્વારા કોરો કાગળ, કલમ, શ્યાહિનો ખડિયો



શ્રીજગન્નાથજી સમક્ષ મૂકાવી દ્વાર બંધ કરાવ્યા થોડીવાર પછી દ્વાર ખોલાવ્યા ત્યારે કાગળ ઉપર **શ્લોક-૧ (જુઓ કવર પેજ-૨)** દેખાયો જે બધાની સમક્ષ પુરોહિતે વાંચી સંભળાવ્યો. જેનો અર્થ એ થાય છે કે,

**(૧) મુખ્ય દેવ, દેવકી પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ છે.**

**(૨) મુખ્ય શાસ્ત્ર, તેમણે ગાયેલી ભગવદ્ ગીતા છે.**

**(૩) મુખ્ય મંત્ર, તેમનો શરણમંત્ર છે. (શ્રીકૃષ્ણઃ શરણંમમ)**

**(૪) મુખ્ય કર્મ, તે દેવની (શ્રીકૃષ્ણની) સેવા જ છે.**

આ જવાબ સામે એક તેજો દ્વેષી બ્રાહ્મણ પંડિતે વિરોધ નોંધાવ્યો, અને કહ્યું કે શ્રીજગન્નાથજીને શ્રીહસ્ત છે જ નહીં તો લખ્યું કેવી રીતે ? આમ અનેક આક્ષેપો કર્યા.

શ્રી મહાપ્રભુજીએ રાજાને જણાવ્યું કે તેના આ વિરોધનો જવાબ પણ શ્રીજગન્નાથજી સ્વયં આપશે. ફરીવાર આપની સમક્ષ કાગળ-કલમ-ખડિયો મૂકી વિનંતી કરીએ, શ્રીજગન્નાથજી બધા સંદેહોનું

નિરાકરણ કરશે. ફરીવાર બધું મૂકી દ્વાર બંધ કર્યા. થોડી વાર બાદ દ્વાર ખોલ્યા ત્યારે **બીજો શ્લોક (જુઓ કવરપેજ-૨)** લખાઈને આવ્યો જે રાજાનાં પૂરોહિતે જાહેરમાં વાંચ્યો, જેનો અર્થ એ થાય છે કે, **"જે પુરૂષ પિતાની સાથે દ્વેષ કરે છે તેને અન્યના વીર્યનો જાણવો અને જે પુરૂષ ભગવદ્ આજ્ઞા - ભગવદ્ વાણીનો દ્વેષ કરે છે તેને હલકાનાં વીર્યથી ઉત્પન્ન થયેલો જાણવો."**

રાજાએ તે બ્રાહ્મણ પંડિતની માતાને બોલાવી મંગાવી અને બધાની વચ્ચે ભય બતાવી પૂછ્યું, ત્યારે તેણીએ કહ્યું કે મારી યુવાનીમાં એક મ્લેચ્છ ધોબી ઉપર હું આસક્ત હતી, તેનો આ પુત્ર છે. રાજાએ તે બન્નેનો દેશ નિકાલ કર્યો.

☞ **સંપ્રદાય સાર :** સંપ્રદાયમાં આપણે જાણીએ છીએ કે શ્રીમહાપ્રભુજી સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમનાં મુખારવિંદનું પ્રાક્ટય છે, અને શ્રીગુસાંઈજી સાક્ષાત શ્રીનાથજીનું પ્રાક્ટય છે. જે અષ્ટસખાની



વાણીમાં- ગોપાલદાસજીનાં વલ્લભાખ્યાનમાં અને શ્રીહરિરાયજી અને અન્ય ગોસ્વામી બાળકો દ્વારા લખાયેલ ગ્રંથોમાં અને ટીકાઓમાં જોવા મળે છે. **આમ શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઈજીની આજ્ઞા પણ 'ભગવદ્ આજ્ઞા જ' ગણાશે.** (થોડાક ઉદાહરણો જોઈએ અને વિચારીયે...)

આ બધી વાતોનો વિચાર કરીએ અને સમજીએ તો :-

**(૧) ભગવદ્ આજ્ઞા :-** કિશોરી બાઈની વાર્તામાં શ્રીઠાકોરજી જણાવે છે કે એક વૈષ્ણવ બીજા વૈષ્ણવ પાસેથી કાંઈ પણ સામગ્રી કે દ્રવ્ય લઈને મને ધરે છે તો હું આરોગતો નથી. શ્રીહરિરાયજી પણ ભાવ પ્રકાશમાં સ્પષ્ટ ખુલાસો કરે છે કે એક વૈષ્ણવ પાસેથી લઈને, પોતાના શ્રીઠાકોરજીને કાંઈ પણ ન ધરવું, કેમકે શ્રીઠાકોરજી તે આરોગતા નથી અને અનમના બિરાજે છે કેમકે તેમને આવો વ્યવહાર પસંદ નથી.

આપણે હવે વિચારીએ કે, **શ્રીમહાપ્રભુજી કે શ્રીઠાકોરજીની આજ્ઞાથી વિપરીત** દ્રવ્ય ઉઘરાવીને, માંગીને, મનોરથો જાહેર કરીને, કોઈનું લઈને કે બીજાએ આપેલા દ્રવ્યથી થતી સેવા કે મનોરથો

છપ્પનભોગ કરનાર માટે, કરાવનાર માટે, **શ્રીજગન્નાથનાં પ્રત્યુત્તર (શ્લોક ૨ પાનું ૨૪) પ્રમાણે શું વિચારવું ?** (આનો જવાબ વાંચનાર બ્રહ્મસંબંધી જીવો પર છોડવો રહ્યો) ❈ જુઓ પાનું ૩૦.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા, શ્રીગુસાંઇજીની આજ્ઞા, ''અબ ઘર જાય કે સેવા કરો'', અસમર્પિત ત્યાગ, અન્યાશ્રય ત્યાગ જરૂરી છે. **આમ સેવા, દરેક વૈષ્ણવે પોતાના ઘરમાં નિસ્વાર્થ, નિરહેતુ, નિઃચ્છલ, દંભ વગર ભગવદ્ સુખાર્થે જ કરવાની છે,** તે સમજી લેવું જોઇએ.

આપણે જે કાંઇ (કપડા-અનાજ-પાણી... વિગેરે) ઉપયોગમાં લઇએ કે વાપરીએ તે ભગવદ્ પ્રસાદી જ હોવા જોઇએ, તેનાથી જ નિર્વાહ કરવાનો છે. એટલે કે પોતાના ઠાકોરજીને બધું સર્મપીને જ લેવાનું છે.

**(૨) શ્રીમહાપ્રભુજીની આજ્ઞા :- જલભેદ ગ્રંથમાં** (શ્લોક-૪) **''જલાર્થ મેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવન''** ની ટીકામાં કેવા વકતાના મોઢેથી ભગવદ્ ગુણગાન સાંભળવા કે ભાગવત સાંભળવું? કે સત્સંગ સાંભળવો ? તે સમજાવતા જણાવે છે કે, જે લોકો



શ્રીઠાકોરજીને, ભગવદ્ ગુણગાનને અર્થાત, ભાગવતને, કિર્તનને, (ઢાઢીલીલા - માળાપહેરામણી- વગેરેને) સત્સંગને, પ્રવચનને સીધી કે આડકતરી રીતે **પોતાની આજીવિકાનું સાધન બનાવતા હોય તેવા ગુણગાન કરનારાઓ** ઘરનું અપવિત્ર મલિન જલને ભેગુ કરવા માટે જમીનમાં ખોદવામાં આવતા ખાડા (ખાળકુવા કે દટણ) નાં જલ જેવા ભાવોવાળા **હોવાથી અગ્રાહ્ય છે,** માટે તેવાઓનો સંગ ન કરવો. શ્રીકલ્યાણરાયજી (શ્રીહરિરાયજીનાં પિતાશ્રી) દ્વારા જલભેદ ગ્રંથની ટીકાનો સાર છે. (પાનાં ક્રમાંક ૫ ઉપર પણ જોવું) બીજા શબ્દોમાં વિચારીએ તો, પોતાની આજીવિકા કે ગૃહ-ગૃહસ્થિ ચલાવવા માટે, શ્રીમદ્ ભાગવત શ્રીઠાકોરજી-શ્રીયમુનાજી - શ્રીગિરીરાજજી કે અન્ય ભગવદ સ્વરૂપોના મનોરથોનો ઉપયોગ દ્રવ્ય ઉપાર્જન માટે ન થવો જોઇએ અને જો થાય છે તો શ્રીમહાપ્રભુજીએ જણાવેલ **જલાર્થ મેવ ગર્તાસ્તુ નો દોષ લાગે છે.** (શું આપણાથી તેમાં ભાગીદાર થવાય ?) ❈ જુઓ પાનું ૩૦.

**(૩)** શ્રીમહાપ્રભુજી **'સર્વ નિર્ણય ગ્રંથમાં'** કારીકા ૬૭, ૨૪૩, ૨૫૪ માં અને પદ્મનાભદાસજીની વાર્તામાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે - શ્રીમદ્ ભાગવતનું પઠન **કોઇ પણ જાતનાં હેતુ વગર** કરવું **(સર્વહેતુવિવર્જીતમ્)** દ્રવ્ય ઉપાર્જન માટે તો ગળા સુધી પ્રાણ આવે તો પણ ન કરવું. (શું બેઠકજી કે મંદિરનાં જીર્ણોધાર માટે કરાય?) ❊ પાનું ૩૦.

**(૪)** આ ભૂતલ ઉપર કોઇને પણ, શ્રીસ્વામિનીજી કે શ્રીયમુનાજી કે, શ્રીપૂર્ણપુરુષોત્તમ બરાબર અથવા સાક્ષાત શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઇજી બરોબર છે, તેવા ભાવો વિચારવામાં આવે કે સંબોધવામાં આવે તો આપણે બહિર્મુખ - આસુરી જીવો થઇ જઇએ છીએ. ''આગુસે ચલી આતી હૈ-પહેલેથી બધા કહેતા આવ્યા છે.... વગેરે'', **નગારા વગાડવાનાં બંધ** કરી શ્રીહરિરાયજી શું કહે છે તે સમજવું જોઇએ. (જુઓ કવર પેજ-૩)

**(૫)** શ્રીહરિરાયજી **'' ૬૪ અપરાધ - તેનું ફળ અને પ્રાયશ્ચિત''** ગ્રંથમાં કેવા અપરાધો શક્ય છે ? તેનું ફળ શું ? તેનું પ્રાયશ્ચિત કેવી



રીતે કરવું તે સમજાવે છે. તેમાંથી થોડાક જોઇએ.

| | | |
|---|---|---|
| **(૧) ૧૧ મો અપરાધ ....** | : | અવૈષ્ણવ સમક્ષ પોતાને ઘરે બિરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું |
| **ફલ ............** | : | એક વર્ષની સેવા નિષ્ફળ થઇ જાય છે. |
| **પ્રાયશ્ચિત ........** | : | શ્રીઠાકોરજીને (છોવાઇ જાય છે માટે) પંચામૃતથી સ્નાન્ કરાવવું. (આ ભાવ શુદ્ધિનો પ્રકાર છે.) |
| **(૨) ૩૫ મો અપરાધ ....** | : | ગુરૂની (શ્રીમહાપ્રભુજીની) આજ્ઞાનું ઉલ્લંઘન કરવું. |
| **ફલ.. ..........** | : | અસિપત્ર વગેરે નામોવાળા ઘોર નરકોમાં પાત. |
| **પ્રાયશ્ચિત ........** | : | વૈષ્ણવ અને ગુરૂને પ્રસન્ન કરવા. |
| **(૩) ૩૬ મો અપરાધ ....** | : | **શ્રીઠાકોરજી (શ્રીભાગવત કે શ્રીયમુનાજીની** |

લોટીજી) ના નામે ('ભેટ', 'સામગ્રી', 'પોથીસેવા' કે ન્યોછાવર') માંગવું.

**ફલ ............. :** સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે.

**પ્રાયશ્ચિત ........ :** જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય **તેનાથી પાંચગણું નૈવેદ્ય પ્રભુને દાન (નહિં કે સમર્પણ !) રૂપે આપવું.**

**(૪) ૩૮ મો અપરાધ .... :** ગુરૂ કે દૈવત (શ્રીઠાકુરજીની વાતો) ના ગુપ્ત રહસ્યને પ્રકટ કરવું.

**ફલ ........... :** ત્રણ જન્મો સુધી શ્વાનયોનિ

⁂ **આ બધાને શ્રીજગન્નાથજીની આજ્ઞા (શ્લોક-૨ પાનું ૨૪)** સાથે સમજીને વિચારવું. **શ્રીઠાકોરજીની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પાલન કરવાની અસ્મિતા આપણામાં જાગૃત થાય તેજ મનોરથ.**

-શેષ ભગવદ્ ઇચ્છા.





## ડીમ્ ડીમ્ ઘોષિતુ દ્વારી

૧૮ માં શિક્ષાપત્રનાં ૧૪-૧૫ શ્લોકમાં શ્રીહરિરાયજી પણ તેવીજ આજ્ઞા કરી રહ્યા છે. જેની ટીકામાં શ્રીગોપેશ્વરજી જણાવે છે કે **''વૈષ્ણવ ભગવદ્ સેવા કરે અને શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી અને વ્રજભક્તોને પરમતત્વ મનમાં જાણે અને તેમના બરાબર લૌકિકમાં (ભૂતલ ઉપર) બીજા કોઇને જાણે નહીં અને કોઇને તેમના સમાન જાણેતો તેને અસૂર જાણવો.''**

(આમ કોઇ, સાક્ષાત પૂર્ણપુરુષોત્તમ, સાક્ષાત સ્વામિનીજી કે શ્રીયમુનાજી, કે સાક્ષાત શ્રીમહાપ્રભુજી, કે સાક્ષાત શ્રીગુસાંઇજી છે તેમ વિચારાય ખરૂં ?)